# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

રહું છું આઘો બધાં જળથી,તળથી આઘો છું
સ્વયંમાં સ્થિર છું,સઘળાં વમળથી આઘો છું.

પ્રયાસરત છું,પણ પ્રાપ્તિની પળથી આઘો છું,
ટહુકું આમ્રકુંજે,આમ્રફળથી આઘો છું.

કદીક પી લઉં છું આંસુ છાનાંમાનાં હું,
કદીય લાગ્યું નથી,ગંગાજળથી આઘો છું !

- પ્રણવ પંડયા

## પાથેય

- રમેશ ઠક્કર

# જળની વાતો...

નજીક રહેવાની મજા છે એમ એની સજા પણ છે.ડાહયા માણસો આત્મીય બની શકે પણ સાથે જ અંતર જાળવવાની પણ ગજબ આવડત એમનામાં હોય છે.જગતમાં અનેક પ્રવાહો ચાલતા રહે છે..એમાં તણાઇ ના જવાય એટલું ધ્યાન રાખવું જરૂરી છે..આ પ્રવાહ એટલે જુદી જુદી વિચારસરણીઓ, માન્યતાઓ,રીતરિવાજો,અલગઅલગ જૂથો વગેરે..આ બધાથી અલિપ્ત રહી શકાતું નથી..એ પૈકી કોઇ એકમાં અટવાઈ જઇએ તો જીવનનો સાચો અર્થ પામી શકતા નથી.કવિ જળથી અને તળથી આઘા રહેવાની વાત કરે છે.એટલે કે જળકમળવત થવાની વાત કરે છે..આ મુશ્કેલ કામ છે..મહાભારતના યુદ્ધમાં સારથી બનેલ કૃષ્ણ આમ જોઇએ તો અર્જુનથી નજીક છે..પરંતુ એ જયારે અનાસક્ત રહેવાની વાત કરે છે ત્યારે જગતનાં બંધનોથી મુક્ત થવાની વાત કરે છે..જે માણસ પોતે અંદરથી સ્થિર હોય એ જ આવું સલામત અંતર રાખી શકે ! ભગવાન પોતે સ્થિતપ્રજ્ઞ છે એટલે જ એ આવો ઉપદેશ આપી શકે..અહીં સ્થિરતા એટલે પ્રજ્ઞાની એટલે કે મન અને બુદ્ધિની...આપણે જે જોઇએ છે એ દેહની સ્થિરતા તો છેતરામણી હોય છે !

પ્રયાસ કરનાર માણસ કોઇ બદલાની અપેક્ષા ન રાખે એવું બને ? મહેનત કર્યા પછી એના બદલામાં મળતા વળતરથી આઘા રહેવું એ આદર્શ જ નથી એક ઉત્તમ સમજણ પણ છે.કોયલ આંબાની ડાળે અવિરત કૂંજન કરતી રહે છે..એનું લક્ષ્ય આમ્રફળ પામવાનું નથી..બસ જે મોજ આવે એના થકી લ્હેરાતી ડાળીઓ વચ્ચે મસ્તીથી વિહરવું એ જ એનો ઉદ્યમ છે..ટહૂકવાની એની અદા એવી ફક્કડ હોય છે કે લચી પડેલાં આમ્રફળ એને લલચાવી શકતાં નથી..એનો અર્થ એવો નથી કે એ ફળોનો ઉપયોગ એના જેવાં પંખીઓ નથી કરતાં..એના ઉપર જ આમ તો એમનો નિર્વાહ પણ હોય છે..પરંતું પોતાના જીવન માટે જરૂરી એવી ચીજથી પણ અલિપ્ત રહી એને પ્રાપ્ત કરવાની એની સમજણ અદ્ભુત છે..ત્યાગીને ભોગવવાની જે વાત છે એ જાણે અહીં જીવંત થાય છે.

આમ જોઇએ તો જળનાં રૂપ અનેક છે..પરંતું અશ્રુજળ હોય કે ગંગાજળ એની વચ્ચેનો સેતુ પામવો એમાં જીવન ઉત્કર્ષ છે..બે પંકિતઓમાં એક મર્મસભર વાત રજૂ થઈ છે.આંસુ એ દુન્યવી અર્થમાં પીવાની વાત નથી..કોઇકના દુઃખમાં સહભાગી થવા માટેની ઉપમા છે.અવસાદ કે વિષાદ પોતાનો પણ હોઇ શકે..આપણી મુશ્કેલીઓનો ઢંઢેરો પીટવાથી ઉપહાસ સિવાય કશું મળતું નથી.એ ચૂપચાપ સહન કરી લેવામાં જ શાણપણ છે..એકલખૂણે આંસુ પી જનારા જ પરિસ્થિતિનો મકકમ મુકાબલો કરી શકે છે..કોઇકની વ્યથામાં સહભાગી થવું એટલે કે એનાં આંસુ પી જવાં..આવું કરવું એ ગંગાજળ પીવાની ઘટનાથી કમ નથી હોતું !ગંગાજળ એક પવિત્ર ભાવ છે..એના થકી ઉન્નત થવાનું હોય છે..માણસ જો બીજાની તકલીફો સમજતો થાય તો જગતનાં મોટાભાગનાં અનિષ્ઠ કોઇપણ પ્રકારના સંઘર્ષ વગર આપોઆપ દૂર થઈ જાય..અશ્રુજળને સમજનાર ગંગાજળથી આઘો રહી જાય તો પણ વસવસા જેવું હોતું નથી !

કોઇક બહુ સરસ લખ્યું છે..."આંસુ કોઈનું ઝીલી લે બસ એ જ ગંગાજળ,
પરસેવો કોઈનો લૂછી લે એ જ ગંગાજળ./નિર્મળતાનું ઘર ખુલ્લું છે ઊંડા શ્વાસ લેતો જા
ફૂલોની ફોરમનવા સૂંઘી લે બસ એ જ ગંગાજળ/કોઈનું સુખ ભાળી હૈયું તારું ઝૂમી ઉઠે..તું હરખના આંસુ સારી લે બસ એ જ ગંગાજળ !

# પીએફઆઈ પર પ્રતિબંધ દેશહિતમાં

તંત્રીસ્થાનેથી...

આખા વરસની જહેમતને અંતે ગુપ્તચર એજન્સીઓએ દેશમાં પોપ્યુલર ફ્રંટ ઓફ ઈન્ડિયાના નેજા હેઠળ ચાલી રહેલી આતંકવાદ પોષક પ્રવૃત્તિઓ અને દેશદ્રોહી અભિગમનો પર્દાફાશ કર્યો છે અને સંગઠનના મુખ્ય આગેવાનોને દેશભરમાં છાપામારી કરીને ઝબ્બે કર્યા છે. ગૃહમંત્રી અમિતા શાહે નુપૂર વિરોધી ઝુંબેશ ચલાવી ત્રણેક હિંદુઓનાં ગળાં રહેંસી નાખવાની નૃશંસ ઘટનાને પગલે આ મુદ્દે ગંભરી શોળખોળ આદરનારી એજન્સીઓને છૂટો દોર આપ્યો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી બોમ્માઈ સાથે ચર્ચા કરીને એમણે પીએફઆઈ સાથે સંકળાયેલા દેશદ્રોહી તત્વોની ધરપકડની ભૂમિકા ઊભી કરી હતી. એ પછી નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સીના વડા અજિત ડોભાલ સાથે ચર્ચા કરીને 'ઓપરેશન ઓકટોપસ'ના અમલીકરણની વડાપ્રધાનશ્રી પાસેથી મંજુરી મેળવી લીધી. ઓકટોપસ પ્રતીકાત્મક શબ્દ છે - આઠ પગાળું જળચર - આસપાસ કોઈ પણ જગ્યાએ છુપાયેલો શિકાર શોધી લે. દેશભરમાં ફેલાયેલા પીએફઆઈના નેટવર્ગનું પગેલું લઈ જુદાં જુદાં શહેરોમાં દરોડા પાડી ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંકળાયેલા અને ખાડીના દેશોમાંથી 'ટેરર ફંડ' લાવતા પીએફઆઈના એક્ટિવિસ્ટોને ઝબ્બે કરીને તંત્ર અટક્યું નથી. સંગઠન પર પાંસ વર્ષ માટે પ્રતિબંધ મૂકતો આદેશ ગેઝેટમાં પ્રસિદ્ધ કરીને આવી દેશવિરોધી પ્રવૃત્તિ કરનારા લઘુમતી સમુદાયને કડક સંદેશ પાઠવી દીધો છે. આવી હિંમત વોટબેંક રાજનીતિ વાળો કઈ પણ રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષ કરી શકે એમ નહોતો. 'સીમી' તરીકે ઓળખાતી મુસ્લિમ યુવાનોની આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી રાષ્ટ્રીય સંસ્થા પર કેન્દ્ર સરકારે ૨૦૦૧માં પ્રતિબંધ લાદ્યો તે પછી 'સીમી' સાથે કાર્યરત ઘણા બધા લોકો પીએફઆઈમાં જોડાયા હતા. પીએફઆઈનાં પેટાં સંગઠનો પર કાર્યરત હતાં. આ તમામ પર કેન્દ્ર સરકારે હાલ પૂરતો પાંચ વર્ષ માટે પ્રતિબંધ મૂકતાં દેશદ્રોહી તત્ત્વોમાં સોપો પડી ગયો છે. મહંમદ પયગંબરના અપમાનના મુદ્દે હિંદુઓનાં ગળાં રહેંસનારા કટ્ટરપંથીઓને જેર કરવા બદલ સરકારનું સમર્થન કરવું જોઈએ એને બદલે કોંગ્રેસના એક દોઢડાહ્યા સાંસદે અને બિહારના ઘાસચારા કૌભાંડી યાદવ નેતા લાલુપ્રસાદે આ સંગઠનની જેમ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પર પણ પ્રતિબંધ લાદવો જોઈએ એવી માગણી કરીને પ્રોત પ્રકાશ્યું છે. એમણે ખબર જ નથી પડતી કે આવાં નિવદેનો કરવાથી દેશનો બહુમતી હિંદુ સમુદાય એમના પ્રત્યે થોડી ઘણી સહાનુભૂતિ ધરાવતો હશે તો પણ એમનાથી પૂરેપૂરો વિમુખ થઈ જશે. જાતે જ પગ પર કુહાડા મારવા ટેવાયેલા આ લઘુમતીના લાડકા નેતાઓએ સમજવું જોઈએ કે આરએસએસ સંપ્રદાયવાદી હોઈ શકે પણ એ સ્વપ્નેય દેશદ્રોહી પ્રવૃત્તિઓ સાથે નહીં સંકળાઈ શકે. એ રાષ્ટ્રવાદી સંગઠન છે. વળી હિંદુત્વની વિચારધારાને વરેલ હોવા છતાં જયારે પણ કોઈ કુદરતી પ્રકોપ જેવી પરિસ્થિતિ સરજાય છે ત્યારે એના સ્વયંસેવકો નાતજાત કે ધર્મસંપ્રદાયના ભેદભાવ વગર સેવાકાર્યોમાં ખૂંપી જતા હોય છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અત્યારે વિશ્વનું સૌથી મોટું સ્વૈચ્છિક સંગઠન છે. એના પર મહાત્મા ગાંધીની હત્યા વખતે અને કટોકટી વખતે પ્રતિબંધ લદાયો હતો પરંતુ પ્રતિબંધ મૂકનારા પણ એની નિર્દોષતા વિશે શંકાશીલ નહોતા. જે સરદાર પટેલે ગાંધી હત્યા પછી આરએસએસ પર પ્રતિબંધ મૂકેલો એમને આજે આરએસએસ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના શિલ્પી તરીકે બિરદાવે છે. સંઘનો ઈરાદો રાષ્ટ્રને પરમ વૈભવ સુધી પહોંચાડવાનો છે. એના કાર્યકર્તાને અંગત અપેક્ષા નથી હોતી. એ ભારત માતા પાછળ જાન કુરબાન કરવા પ્રતિક્ષણ તૈયાર હોય છે. સંઘનાં વિવિધ સેવાકાર્યોથી કોંગ્રેસના ધુરંધર નેતાઓ પણ પ્રભાવિત થયેલા છે. આવી સંસ્થાને કટ્ટર રાષ્ટ્રવિરોધી ઈસ્લામિક સંસ્થા સાથે સરખાવનારીની બુદ્ધિ પર તરસ જ ખાવી પડે. પીએફઆઈની દેશવિરોધી પ્રવૃત્તિઓ અને 'સિર જુદા' વાળી ઘાતકી ઘટનાઓ જોયા પછી પણ જો કોંગ્રેસ અને લાલુ યાદવ જેવાઓ એના પ્રત્યે સોફ્ટ કોર્નર ધરાવતા હોય તો એ ખરેખર અત્યંત કમનસીબ બાબત ગણાવી જોઈએ.

# ગરવ કર્યો, તરે નર હાર્યો !




એ રાત્રિ આસો સુદ નોમની હતી. એટલે થોડી અજવાળી હતી. રાતની શરુઆત હતી. અશોક વાટિકામાં 'કોઈક' શિશૈપાના વૃક્ષ પાસે આવ્યું. સીતાએ એને પ્રણામ કર્યા. એ ત્રિજટા હતી- વિભિષતની મોટી બહેન. એણે સીતાનું રખવાળું કરવાનું હતું.



એણે સીતાને આજનો યુદ્ધ વૃત્તાંત કહ્યો. 'શ્રીરામ માટે વિજય મુશ્કેલ છે. એ રાવણનું માથું કાપે, તો ફરીથી માથું આવી જાય - હાથ કાપે, તો હાથ આવી જાય, એને બ્રહ્માજીનું વરદાન છે.' સીતા મુક્ત કંઠે રડી પડી - 'હું પાપિણી છું. મારે કારણે આ થાય છે. મેં રામને સુવર્ણમૃગ માટે ધકેલ્યા.' ત્રિજટાએ આશ્વાસન આપ્યું - 'એનો વધ શ્રીરામનો હાથે નક્કી છે.' સીતાની ડાબી આંખ ફરકી. એને ટાઢક વળી. ત્રિજતા જતી રહી.

લંકામાં નગરનારીઓએ રાવણ સામે વિદ્રોહ કર્યો - આને કારણે આપણે વિધવા થયા છીએ. પોતાની બહેનનું વેર વાળવું હતું. એમાં કોઈની પત્ની ઉઠાવી લાવ્યો. અને ઘમંડી એવો, કે મંત્રીઓનું તો સમજ્યા, પત્નીનું પણ ન માન્યો. રાજયને યુદ્ધમાં ધકેલી દીધું.

રાવણને ખબર પડી. એના ક્રોધ અને ઉશ્કેરાટ વધી ગયા. બીજે દિવસે યુદ્ધ માટે પ્રસ્થાન કર્યું. બમણાં જોર સાથે યુદ્ધમાં તૂટી પડ્યો. રામ અને રાવણનું ભયંકર યુદ્ધ થયું. જોનારા બોલી ઊઠ્યા. 'આવું યુદ્ધ અમે કયારેય જોયું નથી. આ યુદ્ધની કોઈ સરખામણી જ ન થાય. રામ-રાવણનું યુદ્ધ એટલે રામ-રાવણનું યુદ્ધ.'

બપોર થવા આવ્યો. પરંતુ રામના બાણનો પ્રહાર ભારે થયો. રાવણ બેભાન થઈને રથમાં ઢળી પડ્યો. સારથિ એને સલામત જગ્યાએ લઈ ગયો.

રામ પણ થાકી ગયા હતા. રથમાં બેસી પડ્યા. ત્યાં ઋષિ અગસ્ત્ય પધાર્યા. એણે રામને 'આદિત્ય હૃદય' સ્તોત્ર' નો પાઠ કહ્યો. સૂચના આપીને, જતા રહ્યા. રામે સૂર્યદેવને પ્રણામ કર્યા. મનમાં ત્રણ વાર આ સ્તોત્ર બોલ્યા.

રાવણ ફરીથી પાછો આવી ગયો 'એની છાતીમાં અમૃતકુંભ છે. એના પર બાણ મારો. રામના સારથિ માતલિ હતા. એણે કહ્યું 'રામ! તમને અગસ્ત્ય ઋષિએ બ્રહ્માસ્ત્ર આપ્યું છે; એનો પ્રયોગ કરો.'

રામે સૂર્યદેવને હૃદયે રાખ્યા, બ્રહ્માજીને પ્રણામ કર્યા. બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. 'આદિત્યહૃદય સ્તોત્ર'માં એકત્રીસ મંત્રો છે. રામે એકત્રીસ બાણ ફેંક્યા. પહેલું બાણ છાતીમાં માર્યું. એનાથી અમૃતકુંભ ફૂટી ગયો. પછીના વીસ બાણ એના હાથ ઉપર ફેંક્યા, એનાથી એના વીસ હાથ ખરી પડ્યા. પછીના દશ બાણ એના મસ્તક ઉપર ફેંક્યા. એનાથી એના દસ મસ્તક ખરી પડ્યા. રાવણ રથમાં ઢળી પડ્યો અને મૃત્યુ પામ્યો.

રામે વિભીષણને કહ્યું, 'વૈર મરણ સુધી જ હોય છે મારે માટે, એ હવે તમારા જેવા છે. મારાથી નગરપ્રવેશ ન થાય. તમે એમને નગરમાં લઈ જાવ. એક શ્રોત્રીય બ્રાહ્મણને અનુરુપ અગ્નિ સંસ્કાર કરો.' મંદોદરી એ કહ્યું, 'શ્રીરામને હાથે તમારું મૃત્યુ થયું છે, તમને મુક્તિ જ હોય.'

# યહ ભી કુછ કમ તો નહીં હૈ !!

એક સોસાયટીના ચોકઠામાં બોર્ડ મૂકેલું હતું :

યહાં ખૂદા હૈ
વહાં ખૂદા હૈ
આસપાસ ભી
ખૂદા હી ખૂદા હૈ
જહાં ખૂદા નહીં હૈ....
વહાં કલ ખૂદેગા !
(જનહિત મેં જારી)
મનપા

આ તો એક 'જોક' છે. પરંતુ એક રીતે વાત સાચી છે. 'ખુદા' એટલે ભગવાન અહીં - તહીં આજુ-બાજુ - ઉપર નીચે બધે જ છે... અને 'ખૂદા' કહેતા 'ખોદકામ'ની વાત કરીએ તો પણ આ ચોમાસે નગરમાં અહીં ખોદેલું, ત્યાં ખોદેલું, આજુબાજુ બધે ખાડા જ ખાડા નડરે પડતા હતા ને? અને જયાં ખોદેલું નહોતું ત્યાં ય કયારે ખોદકામ - ખાડાની સપ્રદેમ ભેટમ ળી જશે એની ગેરન્ટી નહોતી !!

ગટરલાઈન, પાણીની લાઈન, પાઈપલાઈન, ગેસ કે ઈલેકટ્રિક લાઈન નવી નાખવા કે જૂનીની રીપેરીંગ માટે ખોદકામ અનિવાર્ય છે અને જનહિતમાં હોય છે કેમ કે એના થકી પ્રજાના પ્રશ્નો હલ થવાના હોય છે કે નવી સવલત મળવાની હોય છે... પણ તંત્રનો ખોદકામ માટે જે ઉત્સાહ હોય છે તે ઉત્સાહ પછી ખાડા પૂરી, પહેલાં જેવું કરી દેવામાં દેખાતો નથી હોતો... એમાં તો કોણ જાણે કેમ, 'ગઈ ગુજરી



ભૂલી જાવ' કે 'ભવિષ્યનું વિચારો, ભૂતકાળમાં કરેલું ભૂલી જાવ' ની ફિલસુફી અમલમાં મૂકવાનો અભિગમ રખાતો હોય છે એટલે પછી લેખની શરુઆતમાં મૂકેલો 'જોક' જેવું 'યહાં ખૂદા હૈ, વહા ખૂદા હૈ....' થાય એમાં નવાઈ નહીં....

તેથી જ અમારા લાલાકાકા કહે છે કે, 'આરંભે શૂરા' એટલે શું તે મનપા, પાવર કે ગેસ કંપનીના ખોદકામનાં કામો જોતાં જ સમજાઈ જાય... પોતાની વાતને સદૃષ્ટાંત સમજાવવા પાછા રેડ અંકલ ઉમેરે છે કે સરકાર રૂડાં રૂપાળાં નામોવાળી નીત નવી નવી યોજનાઓની જાહેરાતો કરે, ટી.વી. - રેડિયો, અખબારો ને હોર્ડિંગમાં એનો પ્રચાર ભરપૂર થાય પણ એ યોજનાનો અમલ કેવો - કેટલો થાય છે તે વિશે 'આરંભે શુરું' તંત્ર બહુ ધ્યાન આપતું નથી જેવી વાત છે.... અને બાપડી પ્રજા હજી એ યોજનાના લાભાલાભ સમજે - લાભ મેળવે ત્યાં પાછી નવી




યોજના આવી જ હોય.. પરંતુ કમસે કમ થોડા થોડા અંતરાલે કોઈ ને કોઈ નવી જાહેરાતો કરીને, ય આજની કારમી મોંઘવારી, બેકારી, મંદી અને તેના પરિણામરૂપ ડિપ્રેશન, હતાશા - નિરાશાની પરિસ્થિતિમાં આપણને ક્ષણિક તો ક્ષણિક રોમાંચિત ને હર્ષોલ્લાસિત કરવામાં આવે છે... અરે ભાઈ, યહ ભી કુછ કમ તો નહીં હૈ... ખરું કે નહીં!!

આ તો પેલા જેવું છે : યુવતીએ પૂછ્યું કે તને મારામાં શું ગમ્યું ? મારો સુંદર ચહેરો કે મારું દિમાંગ ? તો યુવકે હસતાં હસતાં જવાલ આપ્યો : તારી આ મજાક કરવાની ટેવ !!!

બાકી તો એક તરફ સામાજિક - ધાર્મિક ક્ષેત્રે નવરાત્રી ફુલ ફોર્મમાં જામી છે તો બીજી તરફ રાજકીય ક્ષેત્રે પાર્ટી દ્વારા ચૂંટણીઓ પૂર્વેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વચ્ચે પ્રજા ગરબામાં વહેંચાતી લ્હાણીઓની માફક ચૂંટણી લક્ષી 'રેવડીઓ' અપાતા વચનોને ગુલાબી ચિત્રોની લ્હાણીની મજા માણી રહી છે.

બાકી, ચૂંટણી આવતાં પહેલાં કરોડોનાં કામોની પબ્લિસીટી ને ખાતમુહૂર્તોની જાહેરાતો થકી હાલ તો અખબારો ને મીડિયા લાભાન્વિત થઈ રહ્યાં છે.... ચાલો, 'જેહ ના ભાગ્યમાં જે સમયે જે લખ્યું તેહ ને તે સમયે તે જ પહોંચે...'

# કેટલાક વિશિષ્ઠ વહેપારીઓ અને ગ્રાહકો...

અમારે ત્યાં એક શિવ મંદિર છે. આ વખતે શ્રાવણ મહિનો બેસે એના બે એક દિવસ પહેલાં મંદિરની બહાર એક તંબૂ લગાવીને કોઇએ રુદ્રાક્ષ, અલગ અલગ પ્રકારની માળા, મણિકા અને શંખ તેમ જ મંત્ર લખેલાં જૂદી ધાતુના પતરાં, તાંબા તેમ જ અન્ય પંચ ધાતુમાંથી બનેલ પૂજા અર્ચન માટે વપરાતી સાધન સામગ્રીનો વહેપાર શરૂ કર્યો હતો. હું જિજ્ઞાસાથી એ તંબૂની પાસે જઇને એ બધો માલ સામાન જોવા લાગ્યો. કોઇ કોઇ ગ્રાહકો પણ મારી જેમ જિજ્ઞાસા અને આતુરતાથી ત્યાં ઉભા રહીને માળા, રુદ્રાક્ષના મણિકા વગેરે જોતા હતા અને ભાવ તાલ પણ પૂછતા હતા. હવે આ દુકાનમાં જે બે ભાઇઓ માલ વેચવા માટે ઉભા હતા એમની વેશ ભૂષા જોઇને જ આપણને થાય કે આ લોકો કદાચ હિમાલય બાજુથી જ અહીં વેપાર કરવા આવ્યા છે..સફેદ ધોતી, પીળો ઝભ્ભો, લાંબી કાળી દાઢી



અને કપાળમાં ત્રિપુંડ ચીતરેલ હતું. આમ તમને એમને જોઇને જ કંઇક અહોભાવ જેવું પ્રગટે...એટલે પછી તમને પેલી રુદ્રાક્ષ અને તેની માળા ખરીદવામાં સ્વાભાવિક રીતે જ વધારે રસ જાગે....એમની ચામડીનો રંગ પણ કાળો હોય ને માથાના વાળ પણ લાંબા રાખેલ હોય એટલે ઘડીભરને માટે આપણે જાણેકે હરદ્વાર કે કેદારનાથ અથવા તો બદરીનાથ જેવા કોઇ સ્થળે ઉભા ના હોઇએ એવો આભાસ પણ થાય ...!!!.

પાછુ આપણે એમને પૂછીએ કે આ રુદ્રાક્ષ અસલી જ હોય ને ? તો એ જૂદા જૂદા અનેક દાવા કરીને કે પાણીમાં તરતા રહેવાના કે ડૂબી જવાનાં રુદ્રાક્ષનાં લક્ષણોનું મહાજ્ઞાન આપણી આગળ હિન્દીમાં એવી રીતે રજૂ કરે કે તમને એમાં શ્રધ્ધા પણ બેસવા લાગે... આ લોકોને જોયા પછી મને થાય કે શું આ લોકોને આખા દિવસમાં કશો વેપાર થતો હશે ખરો ??ને થતો હોય તો કેટલા રૂપિયાનો થતો હશે ??

આવું જ બીજુ મીઠાઇની દુકાને જોવા મળે છે. મેં તો લગભગ મીઠાઇની દરેક દુકાને ગલ્લા ઉપર બેઠેલા જાડા અને તગડા શેઠ જ જોયા છે, એમને જોઇને એવું લાગે છે કે પોતાની જ મીઠાઇની દુકાન છે એટલે મન ફાવે એમ ખાધે રાખ્યું હશે એથી જ આ શરીર ફૂલી ગયું છે એવી ધારણા કે કલ્પના આપણા મનમાં થયા વગર રહેતી નથી.... ટૂંકમાં આપણી પાસે જો દરેક




બાબત કે સ્થિતિને હળવાશથી જોવાની દ્રષ્ટિ હોય તો એમાંથી આપણને થોડી ઘણી મઝા મળી શકે છે. દરેક વ્યવસાય કરનારામાં એના પહેરવેશ તેમ જ તેની આદતોમાં અમુક ચોક્કસ પ્રકારની ખાસિયતો હોય છે જો એ આપણે ઝીણવટ પૂર્વક જોતા શીખ્યા હોઇએ તો ધ્યાન પર આવી શકે છે.

● તમે કોઇ મેળા કે મેળાવડામાં કે રીસેપ્શન કે જમણવારમાં બાળકો સાથે ગયા હશો તો ફૂગ્ગા, રમકડા તેમ જ અન્ય નાની મોટી બાળકોને લગતી આઇટમો વેચનારા તમારી આજુ બાજુ અને ખાસ તો તમારા બાળકોનું ધ્યાન પડે એ રીતે ત્યાં જ ફરતા રહે છે.તમારાં છોકરાં રમતાં હોય કે રડતાં હોય એની આજુબાજુ જ એ આંટા ફેરા માર્યા જ કરે છે....

● કેટલાક વહેપારીઓને એવી ખબર હોય જ છે કે અમુક જગાએ લોકો ભાવ તાલ બહુ કરાવતા હોય છે એટલે એ લોકો ત્યાં એમના ભાવ બે થી ત્રણ ગણા વધારીને જ ભાવ બોલવાનું શરૂ કરતા હોય છે. એમને એમ હોય છે ક એ ગ્રાહક ઘટાડી ઘટાડીને કેટલા ઘટાડશે ?? પણ આવા લોકોને ય માથાના ગ્રાહકો મળતા હોય છે.વહેપારી જે ભાવ કહે એમાં સીધો પચ્ચા ટકાનો કાપ મૂકનારા પણ હોય છે.

● કોઇવાર મેળામાં કે અન્ય કોઇ જગાએ જ્યાં કામચલાઉ ધોરણે માર્કેટ ભરાતું હોય ત્યાંના વેપારીઓની સાંજે બજાર બંધ થવા આવે ત્યારે

"ખાલી કરવાનો ભાવ, બસ ખાલી કરવાનો ભાવ.... "

એમ વારંવાર બોલીને માલના પૈસા ઉભા કરી લેવાની કુનેહ જોવા જેવી હોય છે.. વળી કેટલીક બહેનો તો શાકભાજી ખરીદવા જાય ત્યારે સૂર્યાસ્ત થયા પછી અંધારુ થવા આવે એની જ રાહ જોતી હોય છે...કેમ કે એમને એમ હોય છે કે રાત્રે શાકવાળા ઓછા નફે અથવા તો મૂળ ભાવે પણ શાક ખાલી કરવાની વેતરણમાં હોય છે....જો કે એમાં મળનાર શાકની ગુણવત્તાની કોઇ ખાતરી હોતી નથી, છતાં બહેનોને અમે તો સસ્તુ શાક જ લઇએ છીએ એમ કહેવાનું ગૌરવ અનુભવવા મળે એ ખરુ.

ખરેખર જૂદા જૂદા ધંધામાં વેપારીઓ તેમ જ ગ્રાહકોની ચિત્ર વિચિત્ર થિયેરીઓ ઘણી ગમ્મત પૂરી પાડતી હોય છે. તમને પણ આવા વિશિષ્ઠ અનુભવ થતા જ હશે. જો કે આનો આધાર તમારી અવલોકન શક્તિ ઉપર રહેલો છે..એ ખાસ યાદ રાખજો ...

મો- 9898409053
- anantpatel135@yahoo.com